# ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર ખાતે નવા તૈયાર કરેલ સોફ્ટવેર માટે તાલીમ યોજાઈ

નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ. આણંદ દ્વારા તા. ૨૧-૦૯-૨૦૧૯ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર ખાતે નવા તૈયાર કરેલ સોફ્ટવેર માટે તાલીમ યોજવામાં આવી હતી. સદર તાલીમમાં નવા તૈયાર કરેલ યુટિલિટી સોફ્ટવેર અને હેલ્પડેસ્ક સોફ્ટવેર અંગે નિયામકશ્રી આઈ.ટી. દ્વારા જાણકારી આપવામાં આવેલી હતી. આઈ.ટી. સેન્ટરની ટેકનીકલ ટીમ દ્વારા યુટિલિટી સોફ્ટવેર અને હેલ્પડેસ્ક સોફ્ટવેર અંગેનો લાઇવ ડેમો પણ કરી બતાવેલ હતો. સદર તાલીમ દરમિયાન ઉપસ્થિત રહેલ અધિકારી/કર્મચારી દ્વારા આ બંને સોફ્ટવેર અંગે ચર્ચા પરામર્શ કરવામાં આવેલ. તેમજ જરૂરી સૂચનો પણ લેવામાં આવેલા હતા. અંતે આઈ.ટી. સેન્ટર દ્વારા કાર્યરત તમામ ઓનલાઈન સોફ્ટવેર અંગે નિયામકશ્રી આઈ.ટી. દ્વારા પરામર્શ કરવામાં આવી હતી.




